GJMH010007852026

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૫/૦૩/૨૦૨૬ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૫/૦૩/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૦/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૦ ૦૫ |

**મહેસાણાના છટ્ઠા અધિક સેશન્સ જજશ્રીની અદાલત, મુ.મહેસાણા**

ફોજદારી પરચુરણ અરજી નં.૨૬૭/૨૦૨૬

આંક : ૭

ઉત્સવ ઉર્ફે ફતો મનુજી હરચંદજી ઠાકોર,
ઉ.વ.આ.૨૦, ધંધો–મજુરી,
રહે.ઓટા વાસમાં ટેબા વાસ,
ગામ–ગવાડા, તા.વિજાપુર,
જી.મહેસાણા
હાલ મધ્યસ્થ જેલ, મહેસાણા ... અરજદાર

વિરૂદ્ધ

ધી સ્ટેટ ઓફ ગુજરાત ... સામાવાળા

અરજદાર તરફે : વિ.વ.શ્રી વી.આર.ઠાકોર
સામવાળા તરફે : વિ.એ.પી.પી.શ્રી સી.બી.ચૌધરી

બાબત : ભારતીય નાગરીક સુરક્ષા સહીતા, ૨૦૨૩ની કલમ–૪૮૩
મુજબ રેગ્યુલર જામીન મેળવવા અરજ

**◄॥ ઠ રા વ॥►**

(૧) આ અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ ૪૮૩ (સીઆર.પી.સી કલમ ૪૩૯) અન્વયે અરજદારે જામીન પર મુકત થવા ગુજારેલ છે.

(૨) વિજાપુર પો.સ્ટે.માં પાર્ટ–એ ફ.ગુ.ર.નં.૧૧૨૦૬૦૭૪૨૫૦૭૨૪/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫(એ), ૩૩૧(૧), ૩૩૧(૩), ૬૧(૨)(ક) સબબ ગુનો નોંધાયેલ છે. આ ગુના કામે અરજદારની પોલીસ દ્ધારા ધરપકડ કરવામાં આવેલ છે અને ત્યારથી અરજદાર જયુડીશીયલ કસ્ટડીમાં છે. અરજદારે આંક–૩ ની પુરસીસ થી એવી હકીકત જાહેર કરેલ છે કે, ચાર્જશીટ રજૂ થયા બાદ આ અરજી પ્રથમ વખત ગુજારેલ છે. ચાર્જશીટ રજૂ થયા અગાઉ ફો.પ.અ.નં. ૯૪/૨૦૨૬ અરજદારે ગુજારેલી જે નામંજુર કરવામાં આવેલ ત્યારબાદ અરજદાર/આરોપીએ નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરેલ નથી કે પેન્ડીંગ નથી.

(૩) નોટીસની બજવણી થતા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી સી.બી.ચૌધરી ઉપસ્થિત રહેલ છે.

(૪) અરજીની ટુંક હકીકત એવી છે કે, અરજદારને સદરહુ ગુના કામે તા.૧૮/૦૧/૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવતાં ત્યારથી અરજદાર જયુડીશીયલ કસ્ટડીમાં છે. ચાર્જશીટ થયા અગાઉ અરજદારે વિ. અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી વિજાપુરની અદાલતમાં જામીન પર મુકત થવાની અરજી તા.૨૨/૦૧/૨૦૨૬ ના રોજ ગુજારેલ, જે નામંજુર કરવામાં આવતા અરજદારે સેસન્સ અદાલતમાં ફો.પ.અ.નં.૯૪/૨૦૨૬ વાળી ગુજારેલી જે પણ નામંજુર કરવામાં

આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ રજૂ કરતા અરજદારે વિ. અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી વિજાપુરની અદાલતમાં જામીન પર મુકત થવાની અરજી તા.૦૩/૦૩/૨૦૨૬ ના રોજ ગુજારેલ, જે નામંજુર કરવામાં આવેલ હોવાથી હાલની આ અરજી સેશન્સ અદાલતમાં ચાર્જશીટ રજૂ થયા બાદ ગુજારવામાં આવેલ છે. અરજીમાં એવું જણાવેલ છે કે, અરજદાર નિર્દોષ છે, અરજદારની ખોટી શંકા તથા આક્ષેપોના આધારે ખોટી રીતે સંડોવણી કરવામાં આવેલ છે, આજીવન કેદની કે મોતની સજા થાય તેવા પ્રકારનો કેસ નથી, ફરીયાદમાં અરજદારનુ નામ નથી, અરજદાર પર તેમના પરિવારના ભરણપોષણની જવાબદારી છે, અરજદાર કયાંય નાસી ભાગી જાય તેમ નથી, અરજદાર આ અરજીમાં દર્શાવેલ સરનામે પરીવાર સાથે રહી પોતાના વતનમાં સ્થાવર તથા જંગમ મિલકત ધરાવે છે, અરજદાર કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી, અરજદાર ફરીયાદપક્ષના સાહેદોને ધાક ધમકી કે ફોસલવવાનો તેમજ પુરાવા સાથે ચેડા કરવાનો પ્રયત્ન નહી કરે તેવી ખાતરી આપે છે સદરહુ ગુના કામે ચાર્જશીટ રજૂ કરી દેવામાં આવેલ છે તેથી તપાસના કામે અરજદારની કોઈ જરૂરિયાત રહેતી નથી જેથી અરજદારને જામીન ઉપર મુક્ત કરવા હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૫) અરજદારે નિ.૪/૧ થી ચાર્જશીટની ખરીનકલ, નિ.૪/૨ થી પ્રથમ બાતમી અહેવાલની નકલ, નિ.૪/૩ રીમાન્ડ અરજી અને તેના હુકમની નકલ, નિ.૪/૪ થી વિજાપુર અદાલતમાં તા.૨૨/૧/૨૦૨૬ ના રોજ કરેલ જામીન પર મુકત થવા કરેલ અરજી અને તેના હુકમની નકલ, નિ.૪/૫ થી વિજાપુર અદાલતમાં તા.૩/૩/૨૦૨૬ ના રોજ કરેલ જામીન પર મુકત થવા કરેલ અરજી અને તેના હુકમની નકલ, નિ.૪/૬ થી ફો.પ.અ.નં.૯૪/૨૦૨૬ ના હુકમની નકલ, નિ.૪/૭ થી ફો.પ.અ.નં.૧૬૧/૨૦૨૬ ના હુકમની નકલ રજૂ કરેલ છે.

(૬) આ તબકકે એ નોંધવું આવશ્યક છે કે, સદરહુ અરજીના કામે તપાસ કરનાર અમલદારને નોટિસ કરવામાં આવેલ હોવાથી તપાસ કરનાર અમલદારે આંક–૬ થી મુદ્દત રીપોર્ટ રજુ કરેલ છે જેમાં એવું જણાવેલ છે કે, સદરહુ કામે ચાર્જશીટ થઈ ગયેલ હોઈ અને અસલ કેસ કાગળો વિજાપુરના સરકારી વકીલશ્રીની કચેરીમાં હોઇ તે મેળવી સોગંદનામું કરવાનું હોઈ મુદ્દત આપવા અરજ કરેલ છે. આ સબબ વિ. એપીપીશ્રીએ એવા મતલબની દલીલ કરેલ છે કે, સદરહુ ગુના કામે ચાર્જશીટ રજૂ કરી દેવામાં આવેલ હોઈ તપાસ કરનાર અમલદારના સોગંદનામા સિવાય તેઓ આ અરજીની સુનાવણી કરવા તૈયાર છે જેથી આ અરજીની સુનાવણી આજરોજ કરવામાં આવેલ છે.

(૭) અરજદાર તરફેના વિ.વ.શ્રીએ અરજી મુજબ દલીલ કરેલ છે અને વિશેષમાં એવી દલીલ કરેલ છે કે તપાસના અંતે હાલના અરજદાર વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ કરી દેવામાં આવેલ છે જે ફોજદારી કેસ નં.૩૬૩/૨૦૨૬ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે અને તે રીતે તપાસ પૂર્ણ થઈ ગયેલ હોઇ તપાસના કામે અરજદારની હાજરીની કોઈ જરૂરિયાત રહેલી નથી, તપાસના કામે મુદ્દામાલ રીકવર થઇ ગયેલ છે, જે આક્ષેપો કરવામાં આવેલ છે તેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હકુમત મેજીસ્ટ્રેટશ્રીની અદાલતને છે, અરજદાર યુવાન વયના છે અને તેના પર તેના કુટુંબના ભરણપોષણની જવાબદારી છે, અદાલત જે કોઈ રકમના જામીન રજુ કરવાનુ ફરમાવે તે રકમના જામીન આપવા અરજદાર તૈયાર છે તેમજ જે કોઈ શરતો મુકવામાં આવે તેનું પાલન કરવાની અરજદાર ખાત્રી આપે છે, જેથી અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૮) શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, તપાસ દરમ્યાન એવી હકીકત ખુલવા પામેલ છે કે અરજદાર મુળ ફરીયાદીના ભત્રીજા થાય છે. જેથી અરજદાર સારી રીતે માહીતગાર હતા કે

ફરીયાદીના ભાણીના એક મહીના પછી લગ્ન છે અને તેના મામેરા માટે ફરીયાદીએ જે દાગીના તૈયાર કરાવેલા અને રોકડ જમા કરેલી તેની ચોરી કરેલ છે. આમ, તે રીતે અરજદાર વિરુધ્ધ ગંભીર ગુનાના આક્ષેપો છે, અરજદાર પાસેથી અંશત: મુદ્દામાલ રીકવર થયેલ છે, માત્ર ચાર્જશીટ રજૂ કરી દીધેલ હોવાથી અરજદાર જામીન મેળવવા હક્કદાર બની જતા નથી જેથી આ અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૯) અરજી વંચાણે લીધી. બન્ને પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો લક્ષ્ય પર લીધી. અરજદારે આ અરજી જામીન પર મુકત થવા ગુજારેલ હોવાથી આ તબકકે એ નોંધવુ આવશ્યક છે કે નામદાર શ્રી સુપ્રીમકોર્ટ અને નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટે ઘણા બધા ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જામીન પર મુકત થવાની અરજીનો નિર્ણય કરતી સમયે અદાલતે ગુણદોષની ઉંડાણપુર્વકની ચર્ચા કરવાની રહેતી નથી. દરેક કેસની હકીકત, ગુન્હાની ગંભીરતા, અરજદાર/આરોપીએ ગુન્હામાં ભજવેલ ભાગ, અરજદાર/આરોપીનો ગુન્હાહીત ઈતીહાસ વગેરે પરીબળો ધ્યાને લઈ અરજીનો નિર્ણય કરવાનો રહે છે.

(૧૦) પ્રથમ બાતમી રીપોર્ટ વંચાણે લેવામાં આવે તો પ્રથમ બાતમીદારે એવા મતલબની હકીકત જાહેર કરેલ છે કે, તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ સવારે આઠેક વાગે પ્રથમ બાતમીદાર નોકરી પર ગયેલ હતા અને તેમના ઘરે તેમની પત્ની તથા બન્ને ભત્રીજીઓ હતા. પ્રથમ બાતમીદાર સાંજના આશરે સાડા છ વાગ્યે ઘરે આવેલ ત્યારે ઘરે માણસોનું ટોળુ ભેગુ થયેલ હતુ અને પ્રથમ બાતમીદારના પત્નીએ જણાવેલ કે, તેઓ બપોરે જમીને ખેતરે ગયેલ હતા અને સાંજના પાંચેક વાગ્યે ઘરે આવેલ તે સમયે નનીએ કહેલ કે, 'દાદી પેટીનુ તાળુ ખુલ્લુ છે' જેથી પેટીમાં જોતાં તેમાં મુકેલ સોના ચાંદીના દાગીના તથા રોકડ રૂપીયા હતા નહી. બાદ પ્રથમ બાતમીદારે પ્રથમ બાતમી અહેવાલ નોંધાવેલ અને તેમાં

એવું જાહેર કરેલ છે કે પ્રથમ બાતમીદારની ભાણીના એકાદ મહીના પછી લગ્ન હોઈ તેના મામેરા માટે તેઓએ અગાઉથી જ તેમની સગવડ પ્રમાણે અલગ અલગ સોના ચાંદીના દાગીના ખરીદેલ હતા, તે સોના ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ કુલ રકમ રૂ.૧૦,૫૮,૦૦૦/- ની કોઈ ચોર ઈસમે ઘરમા પ્રવેશ કરી ચોરી કરેલ છે.

(૧૧) ઉપરોકત પ્રથમ બાતમી અહેવાલ આધારે ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસ શરૂ કરતા, તપાસ દરમ્યાન હાલના અરજદારનુ નામ ખુલવા પામેલ છે. અરજદારે આ અરજી સાથે ચાર્જશીટ થયા અગાઉ રજુ કરેલ ફો.પ.અ.નં.૯૪/૨૦૨૬ ના હુકમની નકલ રજુ કરેલ છે તે હુકમમાં આ અદાલતે એવું અવલોકન કરેલ છે કે, 'પોલીસ પેપર્સ ધ્યાને લેતાં તેમજ તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ ધ્યાને લેતાં હાલના અરજદાર પાસેથી મુદામાલ રીકવર થયેલ હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. આમ, તે રીતે અરજદાર વિરૂધ્ધ પ્રથમદર્શનીય કેસ હોવાનુ માનવાને કારણ રહે છે. વળિ, તપાસ દરમ્યાન એવી પણ હકીકત ખુલવા પામેલ છે કે હાલના અરજદાર પ્રથમ બાતમીદારના કૌટુંબીક ભત્રીજા થાય છે અને તે રીતે પ્રથમદર્શનીય રીતે તે હકીકત આ તબકકે માનવાને કારણ રહે છે કે હાલના અરજદાર સારી રીતે માહીતગાર હતા કે પ્રથમ બાતમીદારની દિકરીની દિકરીના લગ્ન એકાદ મહીના બાદ છે અને તેથી પ્રથમ બાતમીદારે સામાજીક રીત રીવાજ અનુસાર કરવાના થતાં મામેરાની કીમતી ચીજ વસ્તુઓ તેમના મકાનમાં મુકેલ છે. આ હકીકતને આ તબકકે હળવાશથી લઈ શકાય નહીં. વળિ, તપાસ કરનાર અમલદારના સોગંદનામા અનુસાર ચોરી થયેલ મુદામાલ પૈકી અંશત: મુદામાલની રીકવરી થવાની બાકીમાં છે. વળિ, તપાસ કરનાર અમલદારના સોગંદનામા અનુસાર હાલના અરજદાર પ્રથમ બાતમીદારના મકાનની બાજુમાં જ રહેતા હોવાથી અને તપાસનો તબકકો ચાલુમાં હોવાથી જો આ તબકકે અરજદારને જામીન મુકત

કરવામાં આવે તો તેની અવળિ અસર તપાસ પર પડી શકે તેમ છે તે માનવાને કારણ રહે છે.' ઉપરોક્ત અવલોકન સાથે ચાર્જશીટ અગાઉ અરજદાર દ્વારા ગુજારવામાં આવેલ ફો.પ.અ.નં.૯૪/૨૦૨૬ વાળી અરજી તપાસનો તબકકો ચાલુ હોવાથી તેમજ અંશત: રીકવરી થવાની બાકીમાં હોવાથી નામંજુર કરવામાં આવેલ. પરંતુ આ અરજી સાથે રજુ કરવામાં આવેલ નિ.૪/૧ ધ્યાને લેતા તેમજ વિ. એપીપીશ્રીની દલીલ ધ્યાને લેતા એવું ફલિત થાય છે કે, સદરહુ ગુના કામે તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ હાલના અરજદાર વિરૂધ્ધ રજુ કરી દીધેલ છે અને તે રીતે આ તબકકે તપાસ પૂર્ણ થઈ ગયેલ હોવાનું માનવાને કારણ રહે છે. વિ. એપીપીશ્રી દ્વારા અંશત: રીકવરી બાકી હોવાની રજુઆત કરવામાં આવેલ છે પરંતુ સદરહુ ગુના કામે ચાર્જશીટ થઈ ગયેલ હોવાથી આ રજુઆત હવે આ તબક્કે ટકી શકવાને પાત્ર નથી તેમ આ અદાલતનુ માનવુ છે. હાલના અરજદાર તા.૧૮/૦૧/૨૦૨૬ થી જ્યુડીશીયલ કસ્ટડીમાં છે. વળી, ચાર્જશીટ અનુસાર જે આક્ષેપો અરજદાર વિરૂધ્ધ કરવામાં આવેલ છે તેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતને છે. અરજદાર વિરૂદ્ધની ઈન્સાફી કાર્યવાહી શરૂ થઈ અને પૂર્ણ થાય તેમાં વ્યાજબી સમય પસાર થાય તે સ્વાભાવિક છે, ત્યાં સુધી અરજદારને જેલ હવાલાતમાં રાખવા ન્યાયના હિતમાં ઉચિત જણાતું નથી. અરજદાર સ્થાનિકના રહીશ છે જેથી કયાંય નાસી, ભાગી જાય તેવી શકયતા રહેલી નથી તેવું આ તબકકે માનવાને કારણ રહે છે. ચાર્જશીટ થઇ ગયેલ હોઇ અરજદારની કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની કોઇ જરૂરીયાત રહેલી નથી તેમ માનવાને કારણ રહે છે. જેથી ચાર્જશીટ રજુ થઇ ગયા બાદના આ તબક્કે અરજદારને જામીન પર મુક્ત કરવાની વિવેકબુદ્ધીની સત્તાનો ઉપયોગ કરવો ન્યાયના હિતમાં ઉચિત જણાતું હોઈ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદાર / આરોપી ઉત્સવ ઉર્ફે ફતો મનુજી હરચંદજી ઠાકોરની રેગ્યુલર જામીન પર મુકત થવાની આ અરજી મંજૂર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી રૂા.૫૦,૦૦૦/– (પચાસ હજાર)ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજૂ કરે તો અરજદાર/આરોપીને તેમના વિરૂધ્ધ દાખલ કરવામાં આવેલ વિજાપુર પો.સ્ટે.માં પાર્ટ–એ ફ.ગુ.ર.નં.૧૧૨૦૬૦૭૪૨૫૦૭૨૪/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહીતાની કલમ ૩૦૫(એ), ૩૩૧(૧), ૩૩૧(૩), ૬૧(૨)(ક) મુજબના ગુના કામેથી નીચેની શરતોને આધિન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શ ર તો :**

(૧) અરજદાર/આરોપીએ વિ. ટ્રાયલ અદાલતે ચાર્જશીટના કામે મુકરર કરેલ હવે પછીની મુદ્દતે વિ. ટ્રાયલ અદાલત સમક્ષ કોઈપણ સંજોગોમાં જાતે જ હાજર રહેવું તેમજ ત્યારબાદની મુકરર કરવામાં આવેલ દરેક મુદ્દતે નિયમિત હાજર રહી ઈન્સાફી કાર્યવાહી ત્વરીત અને સત્વરે ચલાવવામાં સાથ અને સહકાર આપવો.

(૨) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી કે સાહેદોને ધાકધમકી કરવી નહી કે સાહેદોને સીધી કે આડકતરી રીતે લોભ, લાલચ કે પ્રલોભન આપવું નહી.

(૩) અરજદાર/આરોપીએ ટ્રાયલ અદાલતની પૂર્વ પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી.

(૪) અરજદાર/આરોપીએ ભવિષ્યમાં આવા પ્રકારના ગુનાનું પુનરાવર્તન થાય તેવું કોઈ કૃત્ય કરવું કરાવવું નહી.

(૫) અરજદાર/આરોપીએ તથા તેમના જામીનદારે તેમના વર્તમાન રહેઠાણનું સરનામું તથા વતનનું કાયમી સરનામું યોગ્ય પુરાવો રજૂ કરી જણાવવું તથા પોતાનો મોબાઈલ / ટેલીફોન નંબર વિ. ટ્રાયલ અદાલત તેમજ તપાસ કરનાર અમલદાર સમક્ષ સોગંદ પર જાહેર કરવા અને વિ. ટ્રાયલ અદાલતની પૂર્વ પરવાનગી સિવાય જાહેર કરેલ સરનામામાં કે મોબાઈલ / ટેલીફોન નંબરમાં ફેરફાર કરવો નહી.

(૬) અરજદાર/આરોપીએ ટ્રાયલ અદાલતમાં તેમજ તપાસ કરનાર સમક્ષ જરૂર પડ્યે નિયમિત હાજર રહેવું.

(૭) અરજદાર પાસપોર્ટ ધરાવતા હોય તો આ હુકમની તારીખથી દિવસ–૭ માં વિ. ટ્રાયલ અદાલત સમક્ષ જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે મતલબનું સોગંદનામું આ હુકમની તારીખથી દિવસ–૩ માં વિ. ટ્રાયલ અદાલત સમક્ષ રજુ કરવું.

(૩) અરજદાર/આરોપીએ હુકમ મુજબના જામીન તથા જાત–મુચરકો હકુમત ધરાવતા વિ. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ સમક્ષ રજુ રાખવા.

(૪) આ હુકમના તારણો માત્ર આ જામીન અરજીના નિર્ણય અંગેના તબકકે જ કરવામાં આવેલ હોઇ તે તારણોથી તપાસ કે ટ્રાયલ ને કોઈ અસર થશે નહી. જરૂરી યાદી સંબંધિત અદાલતને કરવી.

તારીખ: ૧૦/૦૩/૨૦૨૬
સ્થળ: મહેસાણા

(સુશીલ ભગવંતરાય ભટ્ટ)
છટ્ઠા અધિક સેશન્સ જજ, મહેસાણા.
CODE No. GJ 00857